દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

મંગળવાર ૧૧ જૂન, ૨૦૨૪

એર ટર્બ્યુલન્સના વધેલા બનાવો અંગે વિસ્તૃત સંશોધનો થવા જરૂરી

હાલ થોડા સમય પહેલા લંડનથી સિંગાપોર આવી રહેલ એક ફ્લાઇટે અચાનક ઝડપભેર ઉંચાઇ ગુમાવી દેતા તેને ભયંકર આંચકો લાગ્યો હતો અને તે ઘટનામાં એક વૃધ્ધ મુસાફરનું મોત થયું હતું અને અન્ય ઘણાને ઇજા થઇ હતી તે પછી આવી ઘટનાઓ અંગે ચર્ચા જાગી છે. વિમાન હવામાં ઉડતું હોય તે સમયે તે કોઇ પવનના તોફાનમાં સપડાઇ જાય કે વમળમાં સપડાઇ જાય કે પછી હવામાં ગાબડાને કારણે કોઇ સ્થળે અચાનક ઉંચાઇ ગુમાવી દે અને થોડી નીચી ઉંચાઇએ આવી જાય તેવી ઘટનાઓ ક્યારેક બન તી હોય છે પરંતુ હાલમાં આવા બનાવો વધી ગયા છે ત્યારે આ અંગે ચિંતાઓ જન્મી છે અને નિષ્ણાતો આ વધેલી ઘટનાઓ માટે હવામાન પરિવર્તન પણ જવાબદાર હોય તેવો અભિપ્રાય વ્યક્ત કરી રહ્યા છે. વધુને વધુ ફ્લાઇટો આકાશમાં ગોથા કે આંચકાઓનો અનુભવ કરે છે અને ક્લિયર એર ટર્બ્યુલન્સના બનાવો બની રહ્યા છે, જે બનાવો છેલ્લા કેટલાક દાયકાઓમાં વધ્યા છે જે હવામાન પરિવર્તનને કારણે વધ્યા હોવાની ઘણી શક્યતા છે એવો પણ એક અભિપ્રાય છે. આ ટર્બ્યુલન્સની અસર સાથે કામ પાર પાડવા માટે એરલાઇનોના પ્રયાસો ચાલુ છે.

ભાગ્યે જ બને તેવા બનાવમાં લંડનથી સિંગાપોર આવી રહેલ સિંગાપોર એરલાઇન્સની એક ફ્લાઇટને ૨૦મી મેએ આકાશમાં તીવ્ર ઝાટકાનો અનુભવ થતા એક મુસાફરનું મૃત્યુ થયું હતું અને ૭૦થી વધુને ઇજા થઇ હતી. જ્યારે આ બનાવ અંગે તપાસ હજી ચાલુ છે ત્યારે આ બનાવે ફરી એક વાર ટર્બ્યુલન્સની ઘટના પર ધ્યાન દોર્યું છે, અને ખાસ કરીને હવામાન પરિવર્તન અને ક્લિયર એર ટર્બ્યુલન્સ(કેટ)ના બનાવો તરફ ધ્યાન ખેંચ્યું છે. તાજેતરના સપ્તાહોમાં વિમાનો હવામાં આંચકા ખાઇ જવાના અન્ય બનાવો પણ બન્યા છે. સામાન્ય રીતે ક્લિયર એર ટર્બ્યુલન્સ તેને કહેવામાં આવે છે જ્યારે આકાશમાં કોઇ વાદળછાયુ વાતાવરણ નહીં હોય અને તેવા સમયે વિમાન વમળમાં સપડાઇ જાય છે જે વમળ દેખાતું પણ નહીં હોય અને પાયલોટો દ્વારા અને વિમાનના રેડારો દ્વારા જેને શોધી કાઢવાનું પણ મુશ્કેલ હોય. તીવ્ર હવામાનની ઘટનાઓ વધી છે તેની સાથે આવી ઘટનાઓ પણ વધી છે એમ માનવામાં આવે છે. પ્રદુષણને કારણે આકાશમાં હવાના સ્તરોમાં પડેલા ગાબડાની અંદર વિમાન પ્રવેશી જાય તો તે તીવ્રપણે ઉંચાઇ ગુમાવી દે તેવું બની શકે છે.

જ્યારે વાતાવરણમાં ફેરફાર એ કેટમાં ફેરફારનું કારણ બની શકે છે ત્યારે છેલ્લા કેટલાક દાયકાઓમાં આ ક્લિયર એર ટર્બ્યુલન્સની વધેલી ઘટનાઓ માટે હવામાન પરિવર્તન જવાબદાર હોય તેવી ઘણી શક્યતા છે એમ મનોજ જોષી કહે છે જેઓ યુકેની યુનિવર્સિટી ઓફ ઇસ્ટ એન્ગલીઆમાં ક્લાઇમેટ ડાયનેમિક્સના પ્રોફેસર છે. વિમાનો આકાશમાં વમળમાં ફસાઇ જવાની કે આંચકા ખાઇ જવાની વધેલી ઘટનાઓ પાછળ જો કે એક અન્ય કારણ એ પણ છે કે ચાલીસ વર્ષ પહેલા જેટલી ફ્લાઇટો હતી તેની સરખામણીમાં આજે ફ્લાઇટો ઘણી છે અને સ્વાભાવિક રીતે તેથી આવી ઘટનાઓ પણ વધે. એરલાઇનો હવે આવા ટર્બ્યુલન્સની અસર ઓછી કરવા માટેના રસ્તાઓ શોધી રહી છે. આવી ઘટના વખતે મુસાફરોને મદદ કરવા માટે વિમાની કર્મચારીઓને પણ તાલીમ આપવામાં આવી રહી છે. આવી ઘટનાઓ સાથે કામ પાર પાડવા માટે વિમાની કર્મચારીઓને તાલીમ આપવામાં આવે તે જરૂરી છે જ પરંતુ આવી ઘટનાઓ કેમ વધી રહી છે તે બાબતે વિસ્તૃત તપાસ થવી જરૂરી છે. વિશ્વભરના ઉડ્ડયન ક્ષેત્રમાં મોટો હિસ્સો ધરાવતા દેશોના ઉડ્ડયન નિયંત્રક સત્તામંડળો ભેગા થઇને નિષ્ણાતો અને વૈજ્ઞાનિકોની સમિતિ રચીને તેની પાસે આ ઘટનાઓના વધેલા પ્રમાણ અંગે વિસ્તૃત તપાસ કરાવે તે વધુ બહેતર રહેશે.

સૌથી મોટું

એક કૃષ્ણભક્ત બાબાજી જે મંદિરમાં હંમેશા કૃષ્ણનામ લેતા રહેતા.ભજનો ગાતાં રહેતાં અને બહુ ભાવ અને મસ્તીમાં આવે તો કૃષ્ણ નામમાં લયલીન થઈને નાચતાં પણ ખરા.જે મંદિરમાં આવે તે બધાં તેમની પાસે બેસીને થોડી વાર તેમની સાથે હરિનામમાં જોડાતાં.

એક દિવસ સુંદર ધૂન જામી હતી. બધાં ભક્તો અને બાબાજી કૃષ્ણમય બની નાચી રહ્યાં હતાં. કૃષ્ણમય બની જવાની વાત જ કંઈ ઓર હતી.ઘણો સમય પસાર થયો. પુજારીજી બાબાજી અને ભક્તજનો માટે પાણી લઈને આવ્યા અને બધા નીચે બેઠાં. એક જણે કહ્યું, 'બાબાજી, આજે તો સૌથી વધારે આનંદ આવ્યો.' બાબાજી બોલ્યા, 'સૌથી મોટું અને મીઠું નામ જ છે મારા હરિનું એટલે સાચા દિલથી લો તો આનંદ જ આનંદ છે.' પછી તો આગળ વાત ચાલી કે આજે સૌથી લાંબી ધૂન ચાલી. કોઈકે કહ્યું, 'બાબાજી, તમે સૌથી મોટા કૃષ્ણભક્ત છો.' બાબાજી બોલ્યા, 'સૌથી મોટો મારો ભગવાન અને આપણે બધાં માત્ર ભક્ત.હરિનામ લેવામાં અને તેમાં

ખોવાઈ જવામાં અનન્ય આનંદ છે.' બીજા એક ભક્તે પૂછ્યું, 'બાબાજી, આમ તો તમે બસ હરિનામ અને ભજનમાં જ મગ્ન રહો છો. આજે અમારી સાથે વાતો કરો છો તો એક પ્રશ્ન પૂછું?' બાબાજીએ કહ્યું, 'હા પૂછો. મને ખબર હશે તો જવાબ આપવાની કોશિશ કરીશ.' ભક્તે પ્રશ્ન પૂછ્યો, 'બાબાજી, સૌથી મોટું દુઃખ કયું?' બાબાજી હસ્યા અને બોલ્યા, 'અરે, જીવનમાં જે જોઈએ તે બધું જ હોય... જે માંગો તે મળતું રહેતું હોય અને છતાં કંઇક ખૂટે એવું અને કૈંક ન ગમે તેવું લાગતું રહેતું હોય. હંમેશા કંઇક અધૂરું અને અપૂર્ણ લાગતું હોય તો તે સૌથી મોટું દુઃખ છે અને એથી મોટું દુઃખ એ છે કે આ દુઃખ કોઇ પણ રીતે દૂર થઇ શકતું નથી.' બધાને બાબાજીનો જવાબ ખૂબ ગમ્યો અને તરત ભક્તોમાંથી બીજો સવાલ આવ્યો, 'તે બાબાજી સૌથી મોટું સુખ કયું?' બાબાજી બોલ્યા, 'અરે, જે જવાબ હમણાં આપ્યો તેનું ઉલટું.સૌથી મોટું સુખ છે.' અને પછી હસતાં હસતાં ઉમેર્યું, 'જીવનમાં જે મળ્યું હોય અને જે સંજોગોમાં હો, ઘણા બધા અભાવ હોય કે જીવનમાં પાસે કંઈ પણ ન હોય છતાં જીવનમાં બધું જ પૂરેપૂરું અને સંપૂર્ણ લાગે તે સૌથી મોટું સુખ છે અને એથી વધુ મોટું સુખ એ છે આ સુખ હંમેશા પાસે જ રહે છે.' બાબાજીએ સુંદર વાત સમજાવી અને પછી તરત હરિનામમાં મગન થઈ ગયા.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

શાળામાંથી શિક્ષણ મળશે, સંસ્કાર તો આપણે ઘરે પણ આપી શકીએ

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

નવું શૈક્ષણિક સત્ર શરૂ થવામાં છે. પ્રાથમિકમાં પ્રવેશ માટે બાળકનાં માતા-પિતા જબરી ગડમથલ અને ખેંચતાણ વચ્ચે નિર્ણય લેતા હોય છે. અંગ્રેજી માધ્યમ -ગુજરાતી માધ્યમ , સરકારી શાળા- ખાનગી શાળા. જાતજાતના વિકલ્પો, એમાં ધાર્મિક સમ્પ્રદાય દ્વારા ચલાવાતી સ્કૂલો, જ્યાં અનુયાયીઓ વધુ રૂપિયા આપીને બાળકોને ભણવા મૂકે છે અને દલીલ કરે છે કે બાળકમાં સંસ્કાર પણ આવે.

જુદી જુદી વિભાવનાવાળા શબ્દો એક અર્થમાં વાપરવા અને તમામ બાબતોનું સરળ સામાન્યીકરણ કરવું તે આપણી નબળાઈ છે. જેમકે "સંસ્કાર" અને "ટેવ" વચ્ચે તફાવત છે. રૂઢી -પરમ્પરા અને સંસ્કૃતિ વચ્ચે પણ તાત્ત્વિક ભેદ છે પણ આપણે રોજ-બરોજની વાતચીતમાં આ બધું ભેગું કરી નાખીએ છીએ.

એક તો ભારતમાં ઔપચારિક શિક્ષણ શરૂ થયાનાં આટલાં વર્ષ પછી પણ, આપણે એવું ઈચ્છીએ છીએ કે બાળકોને શાળામાંથી સારા સંસ્કાર મળે! હવે આ શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષણ માંડ માંડ મળે છે તો સંસ્કાર ક્યાંથી મળે! ન મળે એવું નથી, પણ મળે ખરા અને ના પણ મળે.

શિક્ષક દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત ભણાવતો નથી તો તેની વ્યક્તિગત બાબતોનું ધ્યાન ક્યાંથી રાખે? હા, ઘણાં એવું માને છે કે સારી સારી વાર્તાઓ કહેવાથી બાળકોમાં સંસ્કાર આપોઆપ આવે.જો આવું માનતા હો તો તે ભૂલભરેલું છે.

ખરેખર તો આપણે સંસ્કાર અને ટેવનો ભેદ સમજવાની જરૂર છે. જે બાબત પ્રયત્નપૂર્વક શીખવાડવામાં આવે છે તે ટેવ છે બાળક એ ગમે કે ના ગમે કરે છે મન જુદી દિશમાં હોય અને વર્તન જુદી દિશામાં હોય તે ટેવ માં બની શકે છે . ટેવ મોટે ભાગે બાહ્ય વર્તન છે, જે જોઈ શકાય છે, ઔપચારિક છે. જયારે સંસ્કાર એ અનાયાસે વર્તનમાં પ્રગટે છે, જેમાં એક માનવકલ્યાણનો વિચાર હોય છે તેમાં સદ્ગુણ હોય છે. બાળક જગતના નિરીક્ષણમાંથી અનાયાસે જ સારા નરસાનો ભેદ સમજવા માંડે છે તે સંસ્કાર છે. તેને સૂચિત ના કરો તો પણ તે મુજબ વર્તે છે. શક્ય છે કે ટેવ લાંબા ગાળે સંસ્કારમાં પરિવર્તિત થાય અને સંસ્કાર

ખરેખર તો આપણે સંસ્કાર અને ટેવનો ભેદ સમજવાની જરૂર છે. જે બાબત પ્રયત્નપૂર્વક શીખવાડવામાં આવે છે તે ટેવ છે બાળક એ ગમે કે ના ગમે કરે છે મન જુદી દિશમાં હોય અને વર્તન જુદી દિશામાં હોય તે ટેવ માં બની શકે છે . ટેવ મોટે ભાગે બાહ્ય વર્તન છે, જે જોઈ શકાય છે, ઔપચારિક છે. જયારે સંસ્કાર એ અનાયાસે વર્તનમાં પ્રગટે છે, જેમાં એક માનવકલ્યાણનો વિચાર હોય છે તેમાં સદ્ગુણ હોય છે. બાળક જગતના નિરીક્ષણમાંથી અનાયાસે જ સારા નરસાનો ભેદ સમજવા માંડે છે તે સંસ્કાર છે. તેને સૂચિત ના કરો તો પણ તે મુજબ વર્તે છે

મુજબ વર્તનની માણસને ટેવ પડે. એટલે ભેદ ટૂંકા ગાળાનો અને આયાસ, અનાયાસનો છે. પણ શરૂઆતના તબક્કે અને શીખવાડવાની પદ્ધતિના સંદર્ભે તો ટેવ અને સંસ્કાર જુદા જ છે. હવે મુદ્દો એ છે કે સંસ્કાર આપવાનું કામ સ્કૂલનું જ છે? શું સંસ્કાર માત્ર શાળામાંથી જ મળે? ના, કદાચ સારી સ્કૂલમાંથી બાળક સારી ટેવો શીખે અને આ ટેવો જ લાંબા ગાળે તેના સહજ સંસ્કાર બને, પણ બાળકનું સહજ અને સમગ્ર વર્તન તો આખું સામાજિક પર્યાવરણ નક્કી કરે છે અને તેમાં મોટો ભાગ ઘર પરિવારનો છે. ખાસ કહીએ તો ઘરનાં વડીલો કઈ રીતે વર્તે છે શું વિચારે છે શું કરે છે તે જોતાં જોતાં બાળક ઘડાય છે. આપણે એવું માનીએ કે બાળકને તો જેવું શીખવાડીએ તેવું તે શીખે તો તે ભૂલભરેલું અને અર્ધ સત્ય છે. બાળક સતત આપણને જોતું હોય છે. આપણાં વાણી વર્તનને જોતું હોય છે, ધ્યાન રાખતું હોય છે. આપણે બાળકને ભલે કહીએ કે સાચું બોલવું,ચોરી ના કરવી, નફરત અને ગુસ્સો સારા નહિ વગેરે. પણ જો આપણે જ તેની હાજરીમાં અન્ય સાથેની વાતમાં જુઠ્ઠું બોલતાં હોઈએ, વારે વારે ગુસ્સો કરતાં હોઈએ, ચોરી તો ડગલે ને પગલે હોય, નફરત અને હિસ્સાનું પ્રમોશન હોય તો બાળક આ નહીં કહેવાયેલી વાતો જ ગ્રહણ કરશે. કારણ તે આપણા, વડીલોના વર્તનમાં તેણે જોઈ છે.

આજના સમયમાં સંગત,મિત્રતા બાળકના ઘડતરમાં મોટો ફાળો આપે છે. જાણ્યે અજાણ્યે બાળક રોલ મોડલ નક્કી કરે છે તે ને તેનો તોફાની મિત્ર સારો લાગે છે તે તેની સિગારેટ ફૂંકવાની સ્ટાઈલથી મોહિત છે. ક્યારેક મિત્ર નહિ તો મિત્રના મા બાપ બાળકના મનમાં રોલ મોડેલ બને છે. ગાડીવાળા, એક ફોન પર કામ પતી જાય એવો વટ રાખનારા બાપા .....બાળકના મનમાં ક્યાં ક્યાંથી મુદ્દા આવે છે એટલે તે માત્ર શાળામાં જ બધું શીખશે.

સ્કૂલ જ તેને સંસ્કારી બનાવશે તે વાત ભૂલી જજો અને આ વેકેશનમાં તે જ્યારે ઘરે હોય. આપણી સાથે હોય ત્યારે આપણે જ સારું વર્તન કરવું, જેથી તેનામાં સારા સંસ્કાર પડે. ઘરમાં સ્ત્રીઓને સન્માન આપો, સફાઈ કામદારો અને કામ કરનારા સાથે આદરથી વર્તો. સામાન્ય વાતચીતમાં નફરત અને હિંસાને વ્યાજબી ના ઠેરવો. વડીલ આવ્યા, પગે લાગો...ચલો અંકલને શ્લોક સંભળાવો....હાથ ધોયા વગર જમવા ન બેસો ..રમી ને આવો તો હાથ પગ ધોવો ... આ બધી ટેવ છે, જે આયાસપૂર્વક બાળકને શીખવી શકાય છે. પણ શ્રમનું ગૌરવ ..માનવમૂલ્યોનો આદર ..સમાનતા અને નિર્ણયની સ્વતંત્રતા જેવા સદ્ગુણો તો આપણા વર્તનમાં હશે તો બાળકના વર્તનમાં આવશે.કહેવત છે ને કૂવામાં હોય તો હવાડામાં આવે. બધું સ્કૂલમાંથી નહીં આવે, થોડું ઘર પરિવારમાંથી આપવાનું રાખો.સંસ્કારી રહો તો સંસ્કાર આપોઆપ આવશે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ભૂત રુએ ભંકાર, ને હસ્યો તો હાહાકાર....

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

હસવા હસવામાં પણ ખાસ્સો ફેર હોય મામૂ..! માણસ હસે ત્યારે ખીખી-ખીખી કરીને વાર્તા પૂરી કરી દે. રાક્ષસ હસે તેને અટ્ટહાસ્ય કહેવાય. ત્યારે ભૂત હસવા બેઠો તો એવો હાહાકાર મચાવે કે, સાંભળનારનાં પાટિયાં બેસાડી દે..! એ લોકોનું હાસ્ય પોચું-પોચું ના હોય, ધાક-ધમકી ને ખુમારીથી ભરેલું હોય..! ..! હસવાની સ્ટાઈલમાં બોદાપણું ના હોય..! માણસ તો ખંધુ પણ હસે ને સ્વાર્થ હોય તો નકલી ડીઝાઈન પણ કાઢે..! મોજની વાત છે..! ભૂતને પણ માણસ જેવી મોજ આવે ત્યારે અંબાણી પરિવારની માફક 'વેલનોન' મ્યુઝિકલ પાર્ટીના ઈવેન્ટ નહિ રાખે. સગાંવ્હાલાં જ ભેગાં મળીને ઝીંઘાલાલા કરી દે..! એ જ એમનો આનંદ ને એ જ એમનો પરમાનંદ. મારી આટલી વાત પછી શંકા રાખવાની જરૂર નથી કે, આ બધાંનાં નામ મારા રેશનકાર્ડમાં છે..! આ લોકો સાથે મારે કોઈ વાટકીવ્યવહાર નથી. મેં એમને જોયા પણ નથી ને એમની ચુંગાલમાં આવ્યો પણ નથી. આ તો બધું વાંચેલું-વિચારેલું ને સાંભળ્યાની વાત..! છુટ્ટા વાળ રાખીને ચાંદરણી રાતમાં શ્વેત વસ્ત્રોમાં ફરતી સાધનાને 'વો કૌન થી' ફિલ્મમાં ગીત ગાતાં સાંભળી કે, "લગ જા ગલે કી ફિર યે હંસી રાત હો ના હો..!' બસ.. ત્યારથી ભૂતડીએ મગજ ભાડે રાખી લીધું હોય એમ, મગજમાં લટાર મારે છે..! પરસેવો છૂટે છે યાર..! એના કપાળમાં કાંદા ફોડું એવા એવા વિચાર આવે કે, મગજ ચગડોળે ચઢી જાય. પ્રત્યેક કૂતરામાં ભૂતનાથ દેખાય અને પ્રત્યેક બિલાડીમાં ભૂતડી દેખાય. વિચાર એ વાતનો આવે કે, માણસની માફક ભૂતનાથો પણ સંસાર માણતા હશે કે..? પ્રેમમાં પણ પડતા હશે કે.? પડતા હોય તો, પ્રેમપત્રમાં બેબી-જાનૂ-ડીયર-ડાર્લિંગ કે સ્વીટી જેવું લખતા હશે ખરા..? કે પછી એવું લખતા હશે કે, " ડીયર ઘોસ્ટ..! પ્રથમ મુલાકાતે ભેટ આપેલી સગડી હવે સડવા આવી છે. અંગારા મારી ખોપરીને દઝાડે છે. પ્રિ વેડિંગમાં તને આપેલી ખોપરી મને પરત કરી દેજે, એ પેલી ચંદ્રિકા ચુડેલે ઉછીની આપેલી ખોપરી છે."

શીઈઈઈટ...! હું પણ કેવા કેવા લવારે ચઢી ગયો? માનવવેડા મૂકીને, ભૂતડાવેડા કરવા મંડી પડ્યો..? આવું જ થાય છે.. ! જ્યારથી આ લેખ લખવા બેઠો, ત્યારથી ભૂતવાદીઓએ મગજમાં કબ્જા પ્રવેશ કર્યો હોય એમ માથું ભમે છે, 'ભારે-માથે' થઈ ગયો..! કોઈ નવોઢાને ચોખામાં ધણી દેખાય, દાળમાં ધણી દેખાય, બારીના પડદામાં ધણી દેખાય, ખાંડ-ચાહના ડબ્બામાં ધણી દેખાય, એમ મને અક્ષરે અક્ષરે ભૂતનાથ દેખાય બોલ્લો..! 'ભૂઉઉઉત' શબ્દમાં જ એવી મથરાવટી કે, 'ભૂત' લખો એટલે મગજ ચક્કર-ભમ્મ થવા માંડે. બ્રહ્માંડ તો દેખાય જ નહિ, જૂની આમલી, પીપરડી, પીપળા ને વડલાની વડવાઈના ઝાડવાં જ દેખાય..! તૂટું તૂટું થવા આવેલી ખંડેર હવેલીનાં દૃશ્યો દેખાય. શરીરમાં Parkinson રોગ ઘુસી ગયો હોય એમ, આંગળામાં ધ્રુજારીઓ છૂટવા માંડે..! મહેનત કરીને બનાવેલા મજબૂત મસલ્સ પણ, 'ઉસળ-પાઉં' જેવા પોચાં-પોચાં થઈ જાય છે બોલ્લો..! ધોતિયાં (પહેર્યા હોય તો) ઢીલ્લાં થઈ જાય, ને પેન્ટ ચઢાવ્યાં હોય તો, ભિન્ના થઈ જાય..! શું ભૂતોની ખુમારી છે..?

કાનમાં મંકોડો ભરાઈ ગયો હોય એમ, મારાથી ક્યાં એમની હળી થઈ ગઈ? પસ્તાવો થાય છે દાદૂ, પણ કરું શું..? વિચારને ફુલ્લી એવી ફૂટી કે, માણસો વિષે તો મબલખ લખાયું. આંગળીમાં આંટણ પડી જાય એટલું સાહિત્ય થયું, તો લાવ આજે ભૂતની ચોટલી પકડું. જેને કદી જોયા ના હોય, સાથે બેસીને મિજબાની માણી ના હોય, એના માટે લખવું એટલે, ઠાઠીયા સાઈકલ ઉપર ડબલ સવારી કરીને વલસાડથી અયોધ્યા રામ મંદિર સુધી જવાનું સાહસ ઉપાડ્યું હોય એવું આકરું લાગે છે..! એમ થાય કે, માણસ તો માણસાઈ છોડે, પણ ભૂત ભૂતસાઈ નહિ છોડે તો સારું..! વળી, ભૂતડીને ભલે 'મામી' નહિ કહેતા હોય, પણ પણ ભૂતને તો આજે પણ 'મામા' કહીએ, એટલે ભાણિયા ઉપર કૃપાભાવ તો રાખશે.

મારે તો ચમનિયા સાથે જ એટલી મિત્રતા કે ભૂતમામાને જોવાની ખોટ સાલી જ નથી. ભૂત જોવાની તાલાવેલી થતી જ નથી. ભાગતા ભૂતની ચોટલી ભલે હાથમાં નહિ આવે, પણ ચમનિયાની ચોટલી અહર્નિશ મારા હાથમાં હોય..! જેમ ગાંડાઓનાં ગામ જુદાં હોતાં નથી, એમ ભૂત-ડાકણ-પિશાચ-શૈતાન-વૈતાળ-ચુડેલ વગેરે આપણી આજુબાજુ જ ફરકતાં હોય ને આપણી વચ્ચે જ રહેતાં હોય. ભૂતો માટે સરકાર આવાસ ફાળવતી નથી. એટલે બિચારાં કોઈ પીપળા, આંબા, આમલી, લીમડા કે વડલાની વડવાઈ પકડીને ભૂતવાસ વસાવી પડી રહે. શ્રીમંત ઘરાનાનાં ભૂત હોય તો, જરાસંઘના જમાનાની ખંડેર હવેલીમાં પણ છૂપા વેશે રહેતાં હોય..! આવાસ માટે આંદોલન કર્યું હોય એવું છાપામાં ક્યારેય આવ્યું નથી, એટલા પ્રામાણિક પણ ખરા..! અમાસની અંધારી રાત્રે શ્વેત વસ્ત્રોમાં નીકળે ત્યારે, સુપર સ્ટારથી પણ વધારે ઝામો પાડે..! મોંઘાદાટ સુટમાં કોઈ ભૂતે દર્શન આપ્યા હોય એવું જાણમાં નથી. આપણે ત્યાં જેટલા કુંભમેળા થાય છે, એટલા ભૂતમેળા થતા હોય તો, આ લોકોનો ટેસ્ટ કેવો છે એ જાણવા મળે, પણ ભૂતમેળા થતા નથી. આ તો એક વાત..!

કોઈ નવોઢાને ચોખામાં ધણી દેખાય, દાળમાં ધણી દેખાય, બારીના પડદામાં ધણી દેખાય, ખાંડ-ચાહના ડબ્બામાં ધણી દેખાય, એમ મને અક્ષરે અક્ષરે ભૂતનાથ દેખાય બોલ્લો..! 'ભૂઉઉઉત' શબ્દમાં જ એવી મથરાવટી કે, 'ભૂત' લખો એટલે મગજ ચક્કર-ભમ્મ થવા માંડે. બ્રહ્માંડ તો દેખાય જ નહિ, જૂની આમલી, પીપરડી, પીપળા ને વડલાની વડવાઈના ઝાડવાં જ દેખાય..!

બાળક હતા ત્યારે પરીઓની વાર્તા સાંભળેલી ને પરણ્યા પછી ભૂતને ઓળખતા થયા. ફાયદો એ થયો કે, જ્યારથી ભૂતકથા સાંભળી ત્યારથી, 'હનુમાન ચાલીસા' મોંઢે થઈ ગઈ. અંધારી રાતે 'night walk' કરવા નીકળ્યા હોય, ને ઝાડ ઉપરથી સૂકું ડાખળું કે બિલાડું પડે એટલે, મોંઢામાંથી હનુમાન ચાલીસા ફૂટવા માંડે કે, " ભૂત પિશાચ નિકટ નહિ આવે, મહાબીર જબ નામ સુનાવે..!"

છોડો યાર, ભૂતોની 'પ્રાઈવેટ મેટર'માં ઝાઝું પડવું નથી. જીવો અને જીવવા દો. મને હજી સમજાતું નથી કે, પતિને જોઈને ક્યારેક 'વાઈફ' ચહેરાનો નકશો બદલી નાંખે એમ, માણસોને દેખીને ભૂતો કેમ આડા ફાટતા હશે..? જવાબ જડે તો કહેજો..!

લાસ્ટ બોલ

કમાલ છે યાર..! કબર ઉપર બેસીને ફુલ્ફી ખાતાં શરમ આવતી નથી? મરેલાનો સહેજ તો મલાજો રાખ..?

શું કરું યાર..? કેવી છોડિયાંફાડ ગરમી પડે છે. કબરમાં બહુ ગરમી લાગી, એટલે બહાર આવીને બેઠો. ટાઢક થાય એટલે અંદર ચાલ્યો જઈશ..!

તારા કપાળમાં કાંદા ફોડું..

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

બંધારણ આપણી તાકાત છે

એ હકીકત છે કે આપણી દુનિયાની સૌથી મોટી લોકશાહી છે પરંતુ શું એ સત્ય છે કે સૌથી સારી લોકશાહી છે. સૌથી મોટી તો માત્ર એટલા માટે કે વસતી કોઈ પણ મોટામાં મોટી લોકશાહી કરતાં પાંચથી દસ ગણી છે. સંખ્યા લોકશાહીને અનુપમ બનાવવાની સાથે વિલક્ષણ સ્વરૂપ આપે છે. બીજા દેશો પોતપોતાની લોકશાહીને અતિ વિશિષ્ટ જણાવે છે. પરંતુ તેમને ત્યાં ભારત જેવા ડઝનબંધ ધર્મ, સંપ્રદાય, ભાષાઓ, રીત-રિવાજ અને અનેક જાતિઓ છે. વળી તેઓ આપણી જેમ વર્ષો સુધી વિદેશીઓની ગુલામીમાં રહ્યા છે અને આપણી જેમ 7-8 દાયકા પહેલાં આઝાદ થયેલો દેશ સાથે તુલના કરીએ તો ભારત એક બેજોડ રાષ્ટ્ર છે. લગભગ તમામ દેશોનું બંધારણ બદલાઈ ગયું છે. અનેક બંધારણ આવી ચૂકયાં છે. લેખિત બંધારણ છે. વિવિધતાપૂર્ણ રાષ્ટ્રને સાચવવા માટે બનાવાયું હતું. અત્યાર સુધી લગભગ સવાસો સુધારા થયા છે. દેશને બંધારણે જ સાચવી રાખ્યા છે. આજ સુધી કોઈ સૈનિક કે રાજકીય તખ્તા પર થયેલો હોય છે. આપણે ડઝનથી વધુ વડા પ્રધાનો જોયા પણ 1975માં ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદવાનું દુઃસાહસ કર્યું, પણ બીજે જ વર્ષે આપણી પ્રજાએ બંધારણથી સત્તામાંથી હાંકી કાઢયાં હતાં. વળી એક - બે રાષ્ટ્રપતિ અને સેનાપતિઓ અફવા જરૂર હતી કે કંઈક દુઃસાહસ રૂપ કરવા માંગે છે. પણ ભારતીય પ્રજાના ડરે પોતાની મર્યાદામાં રહેવા મજબૂર કર્યા હતા. આપણી લોકશાહી સામાજિક અને ધાર્મિક વિવિધતાને સાચવવાની સાથે સાથે રાજકીય વિવિધતાનું સંતુલન જાળવી રાખવાથી કુશળ સાબિત થઈ છે. ભારતીય લોકશાહીને ઘેંટાની ચાલે ચાલતા બનાવવાનો સૌથી વધુ દોષ જાતિવાદને છે. તમામ પક્ષો વોટ મેળવવા માટે જાતિવાદનો આશરો લે છે. આપણી ચૂંટણી વ્યવસ્થા પૂરાં પાંચ વર્ષમાં માત્ર એક વાર જનતાને લાગે છે કે તે માલિક છે અને નેતા તેમના સેવક છે. વોટ મેળવવા નેતા કંઈ પણ કરાવવા તૈયાર થઈ જાય પણ લોકશાહીને સતત જીવંત રાખે એ જ લોકશાહી.

સુરત - અનિલ શાહ

મોક્ષ માટે સંસાર ત્યાગ આવશ્યક છે?

ગુરૂવાર 6ઠી જૂનના ગુજરાતમિત્ર દૈનિકના પૃષ્ઠ 6 અંતર્ગત શ્રી વિનોદભાઈ પટેલનો વિચારશીલ લેખ એ વિચારતા કરી દીધા ! શું ઈશ્વર ભક્તિ માટે સંસારત્યાગ જરૂરી છે ? ના. સંસારમાં રહીને અનેક કષ્ટો સહન કરીને મૌન ધારણ કરીને પુરુષાર્થ કરીને પત્નિ અને સંતાનોનું ભરણપોષણ કરતો પુરુષ સંસારી સાધુ જ કરી શકાય. સાચું તપ અને આરાધના માનવતા લક્ષી કાર્યો કરી અન્ય દુખિયા જનોને મદદરૂપ થવામાં છે. ઉપવાસ તંદુરસ્તી માટે ઊપયોગી અવશ્ય હશે. પણ પ્રભુ તો માનવસેવા થી જ રીઝે ! એક સમાજસુધારક સંતે કહ્યું કે, શરીરને કષ્ટ આપવાથી, પગરખા વિના ચાલવાથી શરીરને કષ્ટ થશે. પ્રભુ કદી રાજી નહીં થાય ! પ્રભુ પ્રેરણા આપી આપણને અન્યના કષ્ટ દૂર કરવા માટે નિમિત્ત બનાવે છે એમ માની માનવતાલક્ષી કાર્યો જરૂર અમલમાં મૂકવા જોઈએ. કોઈપણ વ્યકિત હોય વકીલ, ડોકટર, બિલ્ડર, શિક્ષક, બિઝનેસ મેન કે ગૃહિણી એમને ભાગે આવેલી ફરજ નિષ્ઠા પૂર્વક નિભાવે એ જ સાચો ધર્મ. સંસારમાં રહીને સંસાર સુખ ભોગવી ને પણ સાધુત્વ પામી શકાય. સંસારત્યાગની વર્તમાન સમયમાં આવશ્યકતા નથી.

સુરત - નેહા શાહ

રિવાજો ફેરવિચારણા માંગે છે

આપણે ત્યાં સામાન્ય સંજોગોમાં કોઈને ત્યાં પણ મરણનો પ્રસંગ હોય છે. ત્યારે આપણા 80 ટકા લોકો ફક્ત હાજરી પુરાવવામાં જ માને છે. મૃત વ્યકતીની અંતિમ યાત્રા નીકળવાની હોય તેનો સમય જાણી તે સમયે પહોંચી હાર ચઢાવવાની ગરદી કરવી. મૃત વ્યકતીની ઠાઠડી નીકળે ત્યારે ઘણા ઓછા યુવાનો પણ ખાંધ આપવા કરતા વરઘોડામાં ચાલતા હોય તેમ ફક્ત શબવાહિની સુધી જવાનુ, મૃત વ્યકતીની ઘરની વ્યકતી હાથ જોડે એની જ રાહ જોવાતી હોય અને તરત જ મોટાભાગના વ્યસત લોકો ત્યાંથી જ વિદાય લે છે. સ્મશાન સુધી ખુબ ઓછા જાય છે. અને મૃત્યુનો મલાજો જાળવવા દેહ પુરેપુરો પંચમહાભુતમાં ભળી જાય ત્યાં સુધી તો ફક્ત એકદમ અંગત વ્યકતીઓ બેસે છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં આ બધું ક્ષમ્ય જ હોય છે. પણ જે રિવાજ બદલવાની વાત છે તે બે હકીકત છે. (1) કોઈ સંસ્થાનો કર્મચારી કે તેના કુટુંબીજનનું મૃત્યુ થયું છે તેવી ખબર પડે એટલે જાણે ઓમ શાંતી. મૃતકના આત્માને શાંતી મૃતકના આત્માને શાંતિ મળો અને તેના કુંટુંબીજનોને આ કારમો આઘાત સહન કરવાની શકતી આપો. એવા દાંભિક સંદેશાઓની વ્હોટ્સઅપ પર ભરમાર થઈ જાય છે. ક્યારેય મૃતકને કે તેના કોઈ કુટુંબીજનને મળ્યા પણ ન હોય. જાણતા પણ ન હોય. કોઈ સંબંધ ન હોય છતાં જાણે હું કેમ રહી જાંવુની માનસિકતાને કારણે પણ લખતા હોય છે. અરે મૃતક જો કોઈ સંગઠનના હોદેદારનો કુટુંબી હોય અને તે હોદ્દેદ